કલાકો સુધી કતારમાં ઉભા રહ્યા છતાં રેશન ન મળ્યું, ગ્રાહકોમાં ભારે રોષ

સંખેડા: તહેવારોના ટાણે રેશન દુકાનનું સર્વર ડાઉન

મજૂરી છોડીને આવેલા લોકોને ખાલી હાથે પરત ફરવાની ફરજ

(પ્રતિનિધિ) સંખેડા, તા.17

તહેવારોને લઈને રેશનની માંગ સૌથી વધુ હોય છે ત્યારે સંખેડા તાલુકાની પંડિત દિન દયાલ ગ્રાહક ભંડાર નામની સરકાર માન્ય રેશન દુકાનમાં સર્વર ડાઉન થતાં ગ્રાહકો અને દુકાનદાર વચ્ચે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. આજે સવારથી જ મોટી સંખ્યામાં રાશનકાર્ડ ધારકો રેશન લેવા માટે દુકાન પર પહોંચી લાંબી કતારોમાં ઉભા રહ્યા હતા. જોકે, સિસ્ટમમાં સર્વર ડાઉન હોવાના કારણે શરૂઆતથી જ કામગીરી ખોરવાઈ ગઈ હતી.

કલાકો સુધી કતારમાં ઉભા રહ્યા બાદ પણ રેશન વિતરણ શરૂ ન થતાં ગ્રાહકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ દરમિયાન ગ્રાહકો અને દુકાનદાર વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં વાતાવરણ તંગ બન્યું હતું. કેટલાક ગ્રાહકોએ જણાવ્યું હતું કે તેઓ મજૂરી છોડીને રેશન લેવા આવ્યા હતા, પરંતુ કલાકો સુધી રાહ જોયા બાદ પણ રેશન મળ્યું ન હોવાથી તેમને ખાલી હાથે પરત ફરવાની ફરજ પડી હતી.

ગ્રાહકોએ આક્ષેપ કર્યો હતો કે તહેવારોના દિવસોમાં રેશનની માંગ વધવાની તંત્રને અગાઉથી જાણ હોવા છતાં સર્વર અને ટેકનિકલ વ્યવસ્થાની પૂરતી ચકાસણી કરવામાં આવી નથી. જેના કારણે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગ્રાહકોની માંગ છે કે તહેવારો પહેલાં જ સર્વર સહિતની તમામ ટેકનિકલ વ્યવસ્થાઓનું યોગ્ય પરીક્ષણ કરવામાં આવે અને આવી સમસ્યા ઊભી થાય તો વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે. બીજી તરફ દુકાનદારોએ પણ સર્વરની સમસ્યા તેમના હાથમાં ન હોવાનું જણાવી તંત્ર દ્વારા તાત્કાલિક ટેકનિકલ ખામી દૂર કરવાની માંગ કરી છે.

ગ્રાહકો અને દુકાનદારો બંનેએ તંત્રને રજૂઆત કરી છે કે સર્વરની કામગીરી વહેલી તકે પૂર્વવત્ કરવામાં આવે, જેથી રેશનકાર્ડ ધારકોને વધુ સમય સુધી કતારમાં ઉભા રહીને પરેશાની ભોગવવી ન પડે અને તહેવારો દરમિયાન જરૂરી અનાજ સમયસર મળી રહે.

ગુજરાતમાંથી એકમાત્ર ૮ યુવતીઓમાં હેતલની પસંદગી

બોડેલીની હેતલ ચૌધરીની ઐતિહાસિક સિદ્ધિ ૧૯ મેડલ બાદ આસામ રાઈફલ્સમાં પસંદગી

(પ્રતિનિધિ) બોડેલી, તા.17

છોટાઉદેપુર જિલ્લાના બોડેલીની દીકરી હેતલ ચૌધરીએ રમતગમત ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ મેળવી પરિવાર, કોલેજ અને સમગ્ર જિલ્લાનું નામ રોશન કર્યું છે. બોડેલીની ટી.સી. કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં આર્ટ્સના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હેતલ ચૌધરીએ તિરંદાજીમાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લઈને અત્યાર સુધીમાં 6 ગોલ્ડ, 5 સિલ્વર અને 8 બ્રોન્ઝ સહિત કુલ 19 મેડલ મેળવ્યા છે.

હેતલને તિરંદાજીમાં આગળ વધવાની શરૂઆતથી જ ભારે રુચિ હતી. કોલેજ ગ્રાઉન્ડ ખાતે

તેના પિતા મુકેશભાઈ ચૌધરી ક્રિકેટ રમવા આવતા ત્યારે હેતલ પણ તેમની સાથે આવતી હતી. તે સમયે ત્યાં મુકેશભાઈ રાઠવા દ્વારા તિરંદાજીની પ્રેક્ટિસ કરાવવામાં આવતી હતી, જેને જોઈ હેતલમાં આ રમત પ્રત્યે રસ જાગ્યો અને તેણે નિયમિત પ્રેક્ટિસ શરૂ કરી.

હેતલે રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાની તિરંદાજી સ્પર્ધાઓમાં 21 વખત ભાગ લીધો છે અને પોતાની મહેનત તથા પ્રતિભાના બળે 19 મેડલ મેળવ્યા છે. તેની આ સિદ્ધિ બાદ હવે તેની આસામ રાઈફલ્સની રાઈફલ સ્પોર્ટ્સ ટ્રેનિંગ માટે પસંદગી થઈ છે. હેતલ આગામી દિવસોમાં ગોવાહાટી અને નાગાલેન્ડના દીમાપુર ખાતે આશરે 9 મહિનાની ટ્રેનિંગ માટે જશે.

હેતલની રમતગમત ક્ષેત્રે સિદ્ધિઓમાં વર્ષ 2024માં સાઉથ કોરિયામાં યોજાયેલા ઈન્ટરનેશનલ એક્સપોઝર કેમ્પની પસંદગી પણ નોંધપાત્ર છે. ભારતમાં પસંદ કરાયેલી 8 યુવતીઓમાં ગુજરાતમાંથી હેતલની પસંદગી થઈ હતી.ત્યાં તેણે 11 દિવસ સુધી ઓલિમ્પિક કક્ષાની રમત માટેની તાલીમ મેળવી હતી.

ડભોઈના ગરાડી ગામે દરગાહના ઉર્સ પ્રસંગે કવ્વાલીનો કાર્યક્રમ યોજાયો

જાણીતા કવ્વાલ અજીમ નાઝાની શાનદાર કવ્વાલીથી હિન્દુ-મુસ્લિમ શ્રોતાઓ મંત્રમુગ્ધ

(પ્રતિનિધિ) ડભોઇ, તા. 17

ડભોઇ ના ગરાડી ગામે આવેલ હઝરત યુસુફબાવા ચિશ્તી ની દરગાહ ના ઉર્સ પ્રસંગે ગામના અગ્રણીઓ ધ્વારા આયોજીત સંદૂલ શરીફ અને રાત્રી ના મુંબઈ ના મશહુર કવ્વાલ અજીમ નાઝા ની શાનદાર કવ્વાલી નો કાર્યક્રમ યોજાયો હતો.જેમા મશહુર કવ્વાલ ધ્વારા એક થી એક ચઢીયાતા કલામ ગાઇ ને કવ્વાલી ના શોખીન હીન્દુ મુસ્લિમ શ્રોતાઓ ને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

ડભોઇ ના ગરાડી ગામે આવેલ હજરત યુસુફ ચિશ્તી બાવા ની દરગાહ ના ઉર્સ પ્રસંગે ગરાડી ગામની યુવા કમીટી ધ્વારા દરવર્ષ ની જેમ ઉર્સ પ્રસંગે દરગાહ નુ સંદલ શરીફ નુ જુલુશ ગામ માં ફેરવી નાત શરીફ પઢતા પઢતા કાઢવામા આવ્યુ હતુ. ત્યાર બાદ રાત્રી ના દરગાહ ના ઉર્સ પ્રસંગે ગરાડી ગામ ખાતે કવ્વાલીનો જાહેર કાર્યક્રમ રાખવામા આવ્યો હતો. જેમા મુંબઈ ના મશહુર કવ્વાલ અજીમ નાઝા એ કવ્વાલી ના શોખીન હીન્દુ મુસ્લીમ શ્રોતાઓ ને એક થી એક ચઢીયાતી કવ્વાલીઓ ના ગાયન પઠન ધ્વારા મંત્રમુગ્ધ કરી દીધા હતા.

સંખેડાના અર્જુનનાથ મહાદેવ મંદિરે ચોખાના કમળના દર્શન

(પ્રતિનિધિ) સંખેડા, તા. 17

પવિત્ર શ્રાવણ માસના પહેલા સોમવારે સંખેડાના આસ્થાના કેન્દ્ર અર્જુનનાથ મહાદેવ મંદિર ખાતે ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો. અહીં ચોખાના કમળના દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રાવણ મહિનાના પહેલા સોમવાર નિમિત્તે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. ભગવાન અર્જુનનાથ મહાદેવ ના દર્શન કરવા માટે ભક્તોની લાંબી લાંબી કતારો જોવા મળી હતી. મંદિર પરિસરને ફૂલો અને દીવડાઓથી શણગારવામાં આવ્યું હતું. ચોખાના કમળના દર્શન કરીને ભક્તોએ ધન્યતા અનુભવી હતી. શિવ ભજનો અને મંદિરના ઘંટના નાદથી આખો વિસ્તાર ભક્તિમય બન્યો હતો.

કેરળમાં સાવરકર અંગે પ્રશ્ન પૂછવા બદલ શિક્ષકના નિલંબનનો વિરોધ

શિક્ષકોના ન્યાયિક અધિકારોના રક્ષણ માટે ABRSMનું કલેક્ટરને આવેદન

(પ્રતિનિધિ) કવાટ, તા.17

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ (ABRSM) છોટાઉદેપુર જિલ્લા એકમ દ્વારા શિક્ષકોની ગરિમા, શૈક્ષણિક સ્વતંત્રતા અને તેમના ન્યાયિક અધિકારોના રક્ષણ માટે છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર મારફતે દેશના માનનીય પ્રધાનમંત્રી, કેરળના માનનીય મુખ્યમંત્રી, કેરળના માનનીય રાજ્યપાલ તેમજ ગુજરાતના માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબને સંયુક્ત રીતે આવેદનપત્રો સુપ્રત કરવામાં આવ્યા હતા.

માનનીય જિલ્લા કલેક્ટર મારફતે રજૂ કરવામાં આવેલા આ આવેદનપત્રોમાં મુખ્યત્વે બે મહત્વના શૈક્ષણિક મુદ્દાઓ પર તાત્કાલિક અને

ન્યાયસંગત પગલાં ભરવાની માંગ કરવામાં આવી છેઃ ૧. કેરળમાં સાવરકર અંગેના પ્રશ્ન બદલ શિક્ષકના નિલંબન સામે તીવ્ર વિરોધઃ કેરળના કાસરગોડ જિલ્લાના કુંબલા સબ-ડિસ્ટ્રિક્ટમાં યોજાયેલ શાળાકીય સોશિયલ સાયન્સ ક્વિઝમાં સ્વાતંત્ર્યવીર વિનાયક દામોદર સાવરકર અંગે પ્રશ્ન પૂછવા બદલ શિક્ષક શ્રી ગુરુ પ્રસાદને અન્યાયી રીતે નિલંબિત કરવામાં આવ્યા છે. મહાસંઘની માંગ છે કે આ નિલંબન તાત્કાલિક અસરથી રદ કરી તેમને સન્માનપૂર્વક સેવામાં પુનઃસ્થાપિત કરવામાં આવે. આ સમગ્ર ઘટનાની તટસ્થ તપાસ થવી જોઈએ અને શાળાકીય શિક્ષણમાં શિક્ષકોની શૈક્ષણિક સ્વતંત્રતા તથા ઈતિહાસના તથ્યાત્મક શિક્ષણનું રક્ષણ થવું જોઈએ. ૨. સાબરકાંઠાની હરસનપુર પ્રાથમિક શાળાના શિક્ષક અને આચાર્ય સામેની કાર્યવાહીની પુનઃવિચારણાઃ સાબરકાંઠા જિલ્લાના હરસનપુર પ્રાથમિક શાળામાં PM POSHAN (મધ્યાહન ભોજન) યોજના અંતર્ગત બનેલી ઘટનાના સંદર્ભે શિક્ષકશ્રીને કરવામાં આવેલ ફરજમુક્તિ/બદલીનો હુકમ અને આચાર્યશ્રીને અપાયેલ ચાર્જશીટ રદ કરી શિક્ષકને મૂળ ફરજના સ્થળે પુનઃસ્થાપિત કરવામાં આવે.

કવાંટના બૈડીયા ગામે રક્તદાન શિબિર યોજાઈ

૪૦ લોકોએ રક્તદાન કરી માનવતાની મહેક ફેલાવી

(પ્રતિનિધિ) કવાટ, તા. 17

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકામાં આવેલા બૈડીયા ગામ ખાતે સામાજિક જવાબદારીના ભાગરૂપે એક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્દુ બ્લડ બેંકના વિશેષ સહયોગથી આયોજિત આ શિબિરમાં ગ્રામજનો અને યુવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સમાજમાં અકસ્માત કે અન્ય આકસ્મિક બીમારીના સમયે દર્દીઓને ઝડપથી અને સમયસર લોહી ઉપલબ્ધ થઈ શકે તેવા ઉમદા હેતુથી આ શિબિર યોજવામાં આવી હતી. જેમાં ગામના ૪૦ રક્તદાતાઓએ સ્વેચ્છાએ રક્તદાન કરીને સમાજ પ્રત્યે પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

આ રક્તદાન શિબિરને સફળ બનાવવા માટે બૈડીયા ગામના તલાટી સંજયભાઈ રાઠવા, ગામના જાગૃત યુવા કાર્યકર કિર્તનભાઈ રાઠવા, આકાશભાઈ રાઠવા તેમજ સમસ્ત ગ્રામજનો અને યુવા ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. ગામના લોકોના સહિયારા પ્રયાસો અને સેવાભાવી અભિગમને કારણે આ શિબિર ઉત્સાહપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

સંખેડાના પીપળસદ ખાતે જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા પર ભાર

'સમરસ વિદ્યા સેતુ અભિયાન'થી ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓને ફરી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડાશે

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.17

છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્ર તથા શિક્ષણ વિભાગ (સમગ્ર શિક્ષા)ના સંયુક્ત ઉપક્રમે ૧૫મી ઓગસ્ટના રોજ શિક્ષણની ગુણવત્તા સુધારણા અને 'નિપુણ ભારત' મિશનના સુચારુ અમલીકરણ અર્થે 'સમરસ વિદ્યા સેતુ અભિયાન' અંતર્ગત જિલ્લા કક્ષાના વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંખેડા તાલુકાના પીપળસદ સ્થિત બરોડા પબ્લિક સ્કૂલ ખાતે આ કાર્યક્રમ મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો) તથા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના રાજ્યકક્ષાના મંત્રી તેમજ જિલ્લા પ્રભારી મંત્રી ડૉ. મનીષાબેન વકીલના અધ્યક્ષસ્થાને

યોજાયો હતો.

'સમગ્ર શિક્ષા' અને 'નિપુણ ભારત' મિશન અંગે વિસ્તૃત માહિતી આપતાં જિલ્લા પ્રભારી મંત્રી ડૉ. મનીષાબેન વકીલે જણાવ્યું હતું કે, 'સમરસ વિદ્યા સેતુ અભિયાન'નો મુખ્ય ઉદ્દેશ્ય શાળા છોડી ગયેલા (ડ્રોપઆઉટ) અને અનિયમિત વિદ્યાર્થીઓને શોધી, તેમના વાલીઓનો સંપર્ક કરી, તેમને પુનઃ શાળામાં લાવી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડવાનો છે. વિદ્યાર્થીઓનું એક ધોરણમાંથી બીજા ધોરણમાં સરળ અને આનંદપૂર્ણ સંક્રમણ થાય, શિક્ષણમાં સાતત્ય જળવાઈ રહે, તેમજ લર્નિંગ લોસ ધરાવતા બાળકોને બ્રિજ કોર્સ અને ઉપચારાત્મક શિક્ષણ દ્વારા શૈક્ષણિક સ્તરે આગળ લાવી શકાય તે માટે સરકાર દ્વારા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 (NEP-2020)ના 5+3+3+4 માળખા મુજબ શાળા છોડવાનું પ્રમાણ ઘટાડવું, નિયમિત હાજરી વધારવી તેમજ વાલીઓ, SMC અને સ્થાનિક સમુદાયની જનભાગીદારી સુનિશ્ચિત કરવી એ સમયની માંગ છે.

કવાંટ મહાકાળી માતાજી મંદિરે ગુરુ રવિદાસ મહારાજનો કળશ પહોંચ્યો

(પ્રતિનિધિ) કવાટ, તા. 17

છોટા ઉદેપુર જિલ્લાના કવાંટ ખાતે આવેલ મહાકાળી માતાજીના મંદિરે શ્રી ગુરુ રવિદાસ મહારાજ કળશ લાવવામાં આવ્યા જે કવાટ તાલુકામાં પંચાયતોમાં વિતરણ નું આયોજનપણ કરવામાં આવશે સમાજમાં સમરસતા, એકતા અને ગુરુ રવિદાસજીના સંદેશ "મન ચંગા તો કઠૌતી મેં ગંગા" ને ઘર-ઘર સુધી પહોંચાડવાના હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી ઉપપ્રમુખ ગીતાબેન રાઠવા તાલુકા પ્રમુખ સંજયભાઈ રાઠવા પાર્ટી ના સંગઠન ના હોદેદાર તેમજ વિવિધ મોરચા ના હોદેદાર હાજરા રહ્યા હતા તેમજ સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે, ગુરુ રવિદાસ મહારાજના જન્મસ્થાનેથી આવેલ પવિત્ર જળ અને માટી ધરાવતા આ કળશ દરેક ગામમાં, દરેક ઘરમાં સ્થાપિત થશે, જે સમાજને એક નવી ઉર્જા અને પ્રેરણા આપશે.

ઠેર ઠેર દેશભક્તિના ગીતો અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા

સાવલી તાલુકો તિરંગાના રંગે રંગાયો, ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

(પ્રતિનિધિ) સાવલી, તા.17

સાવલી તાલુકામાં ૮૦ મા સ્વાતંત્ર્ય દિન ની ભારે ઉત્સાહ અને દેશભક્તિના માહોલ વચ્ચે ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર તાલુકામાં ઠેર ઠેર દેશભક્તિના ગીતો ગુજરાતા હતા અને તમામ તાલુકાજનો પોતાના વાહનો પર ત્રિરંગો લગાવીને દેશભક્તિના રંગે રંગાયેલો દેખાતો હતો સાવલી નગરપાલિકા નગરની વિવિધ શાળાઓ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ સરકારી અર્ધ સરકારી કચેરી ઓ સાવલી કોલેજ કોર્ટ સંકુલ તેમજ તમામ પોલીસ મથકો સહિતની સંસ્થાઓ તેમજ તમામ પંચાયત ઘર અને પોલીસ ચોકીઓ પર ભારે શાન થી

ત્રીરંગો લહેરાવવામાં આવ્યો હતો તેમજ ઠેર ઠેર દેશભક્તિના ગીતો અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે સમગ્ર તાલુકામાં રાષ્ટ્રપ્રેમનો માહોલ જોવા મળ્યો હતો.

સાવલી તાલુકાના કનોડા ગામ ખાતે આવેલી હરિસિદ્ધિ વિદ્યાલયમાં ધારાસભ્ય કેતનભાઈ ઈનામદારના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં કનોડા શાળાની બાળાઓ દ્વારા સુંદર સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. અંતે ઉપસ્થિત સૌમાં દેશભક્તિની લાગણી સાથે ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી.

ડભોઈમાં ઈદે મિલાદના જુલૂસની તૈયારીઓ અંગે બેઠક યોજાઈ

શાંતિપૂર્ણ જુલૂસ, રૂટની સફાઈ અને કાયદો-વ્યવસ્થા જાળવવા અપીલ

(પ્રતિનિધિ) ડભોઇ, તા. 17

ડભોઇ ના તલાવપુરા વિસ્તાર માં આવેલા કડિયા જમાતખાના ખાતે ઈદે મિલાદ ના જુલુશ ને લઈ સમસ્ત ડભોઇ શહેરના મુસ્લીમ સમાજના અગ્રણીઓની મીટીંગ શહેર કાજી સૈયદ સૈફુદ્દીન સાહબ ના માર્ગદર્શન અને અધ્યક્ષતા હેઠળ મિટિંગ યોજાઈ હતી. જેમા જુદાજુદા મુદ્દાઓ પર ચર્ચા વિચારણા અને સલાહ સુચનો ની આપલે કરી ઈદે મિલાદ પર્વની પરંપરાગત ઉજવણી માટેની તૈયારીઓ કરાઇ હતી.

ઈસ્લામ ધર્મના સ્થાપક (સુધારક) અને વિશ્વ માટે માનવતા, શાંતિ અને રહેમત નો સંદેશો લઈને અવતરેલા પયગમ્બર મોહમ્મદ સાહબ (સ.અ.વ.)નો જન્મદિન એટલે કે ઈદે મિલાદ પર્વની શાનદાર રીતે ઉજવણી કરવા માટે દરવર્ષની જેમ આ વર્ષે પણ સમસ્ત મુસ્લીમ સમાજ ના અગ્રણીઓ ની કડિયા જનતખાના ખાતે મીટીંગ યોજાઇ હતી. જેમા જુલુશ મા શાંતિ અને એખલાશપુર્ણ રીતે જોડાવુ, નક્કી કરેલ સમય મુજબ જુલુશ મા જોડાઇ સમય મુજબ પુર્ણ કરવુ, રુટ ની સફાઇ કરાવી, કાયદો વ્યવસ્થાનુ પાલન કરવુ, તંત્ર ને સહકાર આપવો સહીત અનેક મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામા આવી હતી.

બોડેલી-રંગપુરના પ્રોહિબિશન ગુનામાં લાંબા સમયથી ફરાર આરોપી છોટાઉદેપુર LCBના હાથે ઝડપાયો

(પ્રતિનિધિ) સાવલી, તા.17

એમ.એફ.ડામોર પોલીસ ઈન્સ્પેકટર લોકલ ક્રાઇમ બ્રાન્ચ છોટાઉદેપુર નાઓએ એલ.સી. બી સ્ટાફના પોલીસ કર્મચારીઓને સુચના આપેલ જે અન્વયે એલ.સી.બી સ્ટાફના પોલીસ કર્મચારીઓ છોટાઉદેપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન એલ.સી.બી પો.ઈન્સ નાઓએ ટેલીફોનથી સમજ કરેલ કે, ગુનાના કામે નાસતો ફરતો આરોપી છોટાઉદેપુર ડોન બોસ્કો સ્કુલ આગળ ઉભેલ છે, અને તેણે બદનમાં સફેદ કલરની આખી બાઇનુ શર્ટ તથા કમરે ભુરા કલરનું પેન્ટ પહેરેલ છે. તેવી હકીકત મળેલ જે બાતમી હકિકત આધારે છોટાઉદેપુર ડોન બોસ્કો સ્કુલ આગળ જતા બાતમી હકીકતમાં જણાવ્યા મુજબના વર્ણનવાળો માણસ મળી આવતા તેને કોર્ડન કરી પકડી લીધેલ અને પકડાયેલ ઈસમને નામ પુછતા તેણે પોતાનું નામ રાકેશભાઇ રતનસિંહ ઉર્ફે રતુડીયાભાઇ તોમર (ચૌહાણ) ઉવ-૨૮ રહે.મોટીવડોઈ પટેલ ફલીયા તા.કઠીવાડા જી.અલીરાજપુર (મધ્યપ્રદેશ) નાનો હોવાનું જણાવેલ સદરીની અંગ ઝડતી કરતા તેની પાસેથી કોઇ ચીજવસ્તુ મળી આવેલ નથી સદરી

પકડાયેલ ઈસમને ગુના બાબતે પુછપરછ કરતા હકીકત જણાવેલ કે, આજથી આશરે સોળેક માસ પહેલા બોડેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂની ગાડી પકડાયેલ અને ત્યારબાદ રંગપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પણ દારૂની ગાડી પકડાયેલ જેમાં તેમનું પણ નામ ખુલેલ હતુ જેથી તેઓ ઘરે હાજર રહેતો ન હતો અને પોલીસ| અવાર-નવાર મારા ઘરે તપાસ માટે આવતી હોય જેથી ઈંદોર બાજુ મજુરીએ જતો રહેલ હતો અને આ ગુનો કર્યા બાદ પોલીસ પકડથી દુર રહેલ અને આજ રોજ હું છોટાઉદેપુર ડોન બોસ્કો સ્કુલ આગળ ઉભો| હતો તે દરમ્યાન આપ સાહેબે મને પકડેલ છે અને પુછ-પરછમા મે ગુનો કરેલાની કબુલાત કરતા BNSS| ની કલમ.૩૫(૧) જે મુજબ અટકાયત કરેલ છે.

ગોઠડાની સીમમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા, રૂ. ૧૧,૨૦૦નો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) સાવલી, તા. 17

સાવલી પી આઈ કે જે ચૌહાણ ને બાતમી મળેલ કે ગોઠડા થી ચોરપુરા ગામની સીમમાં આવેલી પાણી ની ટાંકી પાસે કેટલાક ઈસમો પાના પત્તાનો હારજીત નો જુગાર રમી રમાડી રહ્યા છે બાતમીના પગલે પોલીસ ટીમે દરોડો પાડતા દાવ પરથી 7290 રૂપિયા અને અંગ ઝડતીમાં 3910 રૂપિયા મળી કુલ 11200 નો મુદ્દામાલ કબજે કર્યો છે (૧) મોહસીનભાઇ અનવરભાઈ ચૌહાણ (૨) વિજયભાઈ કનક સિંહ ચૌહાણ (૩) જુનેદ ભાઈ ઉર્ફે બોબો યુસુફભાઈ શેખ તમામ રહે ગોઠડા તા સાવલી ની ધરપકડ કરી ને જેલભેગા કર્યા છે અને તમામ વિરુદ્ધ જુગારધારા મુજબ કાર્યવાહી હાથ ધરી છે.

સંજેલીના શિવાલયોમાં શ્રાવણ સોમવારે ભક્તોની ભીડ

(પ્રતિનિધિ) સંજેલી, તા. 17

સંજેલી તાલુકા માં આજ રોજ ભીમનાથ મહાદેવ, પાટ મહાદેવ, રત્નેશ્વર મહાદેવ સહિત શિવાલયોમાં શ્રાવણના સોમવાર નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. સંજેલી પુષ્પ સાગર તળાવ પાસે આવેલ ભીમનાથ મહાદેવ મંદિરે મહાદેવને વિવિધ શૃંગાર કરવામાં આવ્યા હતા ફુલહાર સહિત ચંદન અભિષેક સાથે પૂજા પાઠ આરતી સાથેના આજે સોમવારે વિશેષ પૂજા કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં ભક્તો મંત્રી પડ્યા હતા તેમ જ પ્રાર્થના પૂજન સાથે ભગવાનના આશીર્વાદ મેળવ્યા હતા. પાટ મહાદેવ મંદિરે પણ પૂજાપાઠ સહિતના વિધિવત આયોજન કરવામાં આવ્યું હતું. પાઠ મહાદેવ મંદિર પૌરાણિક મંદિર હોય ભક્તો દર્શને આવ્યા હતા. પૂજન તેમજ પ્રાર્થના કરવામાં આવી હતી. સંજેલી ના રત્નેશ્વર મહાદેવ પણ સોમવારના શ્રાવણનો હોય ખાસ પૂજા પાઠ સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દર્શનાર્થીઓને દર્શન કરી અને ભગવાનને પ્રાર્થના કરી અને ધન્યતા અનુભવી હતી.